પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૭૫ | ૧૫ ડિસેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; માગસર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# બીજા તબક્કામાં ૬૮.૭૦ ટકા મતદાન

**નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ સહિત ૮૫૧ ઉમેદવારોના ભાવિ ઇવીએમમાં બંધ : અપેક્ષાથી ઓછું મતદાન થયું : કોંગ્રેસ અને ભાજપના જીતના દાવાઓ : ૧૮મીએ મતગણતરી**







અમદાવાદ,તા. ૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે આજે એકંદરે શાંતિપૂર્ણરીતે આશરે ૬૮.૭૦ ટકા મતદાન થયું હતું. મતદાન શાંતિપૂર્ણરીતે પૂર્ણ થવાની સાથે જ તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઇ ગયા હતા. ગુજરાતમાં પરિવર્તન થશે કે પછી પુનરાવર્તન થશે તે અંગેનો ફેંસલો હવે ૧૮મી ડિસેમ્બરે થશે. ૧૮મી ડિસેમ્બરે મતગણતરી હાથ ધરવામાં આવશે. સવારથી જ મતદાનની પ્રક્રિયા શરૂ થયા બાદ સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન ચાલ્યું હતું. તમામ જગ્યાઓએ મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાનમાં ભાગ લીધો હતો. જો કે, મતદાનની ટકાવારી અપેક્ષા મુજબની નોંધા ન હતી. કેટલીક જગ્યાઓએ ઈવીએમમાં તકલીફ થઈ હતી. જો કે, એકંદરે મતદાન શાંતિપૂર્ણ રહ્યું હતું. મતદાનની પ્રક્રિયા પૂર્ણ થવાની સાથે જ ચૂંટણી પંચે પણ રાહતનો દમ લીધો હતો. અગાઉ મતદાનની આજે સવારે વિધીવતરીતે શરૂઆત થઈ હતી. શરૂઆતમાં તમામ જગ્યાએ ધીમી ગતિથ મતદાન થયુ હતુ. જો કે કેટલાક મતદાન મથકો પર સવારથી જ લાંબી લાઈનો લાગી હતી. બપોરે મતદાનમાં જોરદાર તેજી આવી હતી. પ્રથમ તબક્કામાં અપેક્ષા કરતા ઓછુ મતદાન થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના તમામ દિગ્ગજોએ ઉંચા મતદાન માટે અપીલ કરી હતી. બીજા તબક્કામાં ૯૩ સીટ પર મતદાન થયુ હતું. આજે ૨.૨૨ કરોડ મતદારો પૈકી ૬૮.૭૦ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. બીજા તબક્કામાં મતદારો પૈકી ૧.૧૫ કરોડ પુરૂષો અને ૧.૦૭ કરોડ મહિલા મતદારો નોંધાયા હતા. જે ભારે ઉત્સાહિત દેખાયા હતા. ૨૫૫૫૮ મતદાન મથકો પર સવારમાં મતદાનની શરૂઆત થઈ હતી. આ વખતે ૩૭.૩૭ લાખ મતદારોની વય ૧૮તી ૨૬ વર્ષની વચ્ચેની રહી હતી. બાવન પાર્ટીના ઉમેદવારોના ભાવિ મતદાન શરૂ થયા બાદ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ભાજપે ૯૩ અને કોંગ્રેસે ૯૧ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. જેમના ભાવિ હવે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. મતદારોની સંખ્યાની દ્રષ્ટિએ લિમખેડા સૌથી નાની સીટ હતી. જેમાં ૧.૮૭ લાખ મતદારો પૈકીના મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આવી જ રીતે ઘાટલોડિયા સૌથી મોટી સીટ છે જેમાં ૩.૫૨ લાખ મતદારો નોંધાયા હતા. મંગળવારના દિવસે સાજે પાંચ વાગે બીજા તબક્કા માટે હાઈવોલ્ટેજ અને હાઈપ્રોફાઈલ ચૂંટણી પ્રચારનો અંત આવ્યો હતો. છેલ્લી ઘડી સુધી મતદારોને પોતાની તરફેણમાં કરવા માટે ભાજપ અને કોંગ્રેસના તમામ ઉમેદવારોએ પુરતી તાકાત લગાવી હતી. છેલ્લા દિવસે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાહુલ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. એકબાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રીવરફ્રન્ટ પરથી સી પ્લેન મારફતે ધરોઈ પહોંચીને વિકાસની સાબિતી આપી હતી. જ્યારે બીજી બાજુ રાહુલ ગાંધીએ અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## આણંદમાં બે જૂથો વચ્ચે પથ્થરમારો

આણંદ,તા.૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન આણંદ ખાતે થઇ રહ્યું છે. જોકે મતદાન દરમિયાન શહેરમાં બે જૂથો વચ્ચે પથ્થરમારો થયો હતો. જેમાં અનેક વાહનોમાં તોડફોડ કરવામાં આવી છે, આ સમગ્ર ઘટનામાં નગરપાલિકા પ્રમુખના પતિ પીસી પટેલને ગંભીર ઈજાઓ પહોંચી છે. બીજી તરફ આ ઘટના બાદ અન્ય એક સ્થળે બોગસ મતદાન થઈ રહ્યું હોવાની ફરિયાદ કરી બબાલ કરવામાં આવી હોવાનો મામલો પણ પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર અળદ વિસ્તારમાં આજે બપોરે બે કલાકે બે જૂથો વચ્ચે બબાલ થઈ હતી, મામલો ઉગ્ર બની ગયો હતો અને વાત પથ્થરમારા સુધી પહોંચી ગઈ હતી. આ ઘટના બનવા પાછળનું કારણ એક જૂથ દ્વારા પહેલાં મતદાન કરવામાં આવ્યું હતું અને બાદમાં બપોર પછી મતદાન કરવા જઈ રહેલા બીજા જૂથને મતદાન કરતા અટકાવવાની બાબતને માનવામાં આવી રહી છે.

## કયા જિલ્લામાં કેટલું મતદાન

| | |
|---|---|
| બનાસકાંઠા | ૭૪ ટકા |
| પાટણ | ૬૬ ટકા |
| મહેસાણા | ૭૫ ટકા |
| સાબરકાંઠા | ૭૭ ટકા |
| અરવલ્લી | ૬૬ ટકા |
| ગાંધીનગર | ૬૫ ટકા |
| અમદાવાદ | ૬૩ ટકા |
| આણંદ | ૭૩ ટકા |
| ખેડા | ૭૦ ટકા |
| મહિસાગર | ૬૫ ટકા |
| પંચમહાલ | ૭૨ ટકા |
| દાહોદ | ૬૦ ટકા |
| વડોદરા | ૭૩ ટકા |
| છોટાઉદેપુર | ૭૦ ટકા |
| કુલ | ૬૮.૭૦ ટકા |

# મોદીના રોડ-શો મામલે આક્ષેપબાજી

**રાણીપમાં મત આપ્યા બાદ રોડ શો કરવાનો મોદી ઉપર આક્ષેપ : ચૂંટણી પંચને બાનમાં લેવાનો કોંગ્રેસનો આક્ષેપ ભાજપની તરફથી રવિશંકર પ્રસાદ અને નિર્મલા સીતારામન દ્વારા વળતા પ્રહારો કરાયા : વિવાદ છેડાયો**



અમદાવાદ, તા.૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં બીજા તબક્કાના મતદાન દરમ્યાન આજે વડાપ્રધાન મોદીએ શહેરના રાણીપ વિસ્તારમાં નિશાન પ્રાથમિક શાળા ખાતે મતદાન કર્યા બાદ યોજેલા કથિત રોડ-શોને લઈ કોંગ્રેસે ભારે ઉહાપોહ મચાવ્યો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ રણદીપ સૂરજેવાલા, અશોક ગેહલોત, રાજીવ શુકલા સહિતના પ્રતિનિધિમંડળે મોદીના ચૂંટણી આચારસંહિતા ભંગના વલણને લઈ જોરદાર વિરોધ કર્યો હતો અને તાત્કાલિક તાબડતોબ કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ વિધિવત્ ફરિયાદ દાખલ કરી હતી. કોંગ્રેસના સિનિયર નેતાઓએ વડાપ્રધાન ચૂંટણી આચારસંહિતાના ભંગ બદલ ફરિયાદ નોંધી કાયદાનુસાર પગલા લેવા જોરદાર માંગણી કરી છે. આ સમગ્ર મામલામાં કૂણું વલણ દાખવવા બદલ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રણદીપ સૂરજેવાલા અને અશોક ગેહલોતે ચૂંટણી પંચને આડા હાથે લઈ નાંખ્યું હતું કે, ચૂંટણી પંચ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અંગત સચિવની જેમ વર્તી રહ્યું છે. ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીટાણે મતદાનના સમયે બેવડા ધોરણો અપનાવી અને પક્ષપાતભર્યુ વલણ અખત્યાર કરી લોકશાહી મૂલ્યોની ધજ્જિયાં ઉડાવાઈ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ રણદીપ સૂરજેવાલા અને અશોક ગેહલોતે ચૂંટણી પંચ પર ગંભીર આરોપ લગાવ્યો હતો કે, ચૂંટણી પંચ એ વડાપ્રધાન મોદી અને વડાપ્રધાન કાર્યાલયના દબાણ હેઠળ કામ કરી રહ્યું છે. મોદીના આ પ્રકારે ચૂંટણી આચારસંહિતાના નિયમો અને લોકશાહીના મૂલ્યો ખરડાય તે પ્રકારે રોડ શો યોજી સમગ્ર રાષ્ટ્રના આત્માને દુભાવ્યો છે. પોલીંગ બુથ નજીક લોકોની સંખ્યા સહિતના નિયમોનો પણ સરેઆમ ભંગ થયો છે એટલું જ નહી, મોદીના રોડ શોમાં વહીવટી તંત્ર, પોલીસ મશીનરી, એસપીજીની સક્રિયતા વચ્ચે

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં ભાજપની જીતના એક્ઝિટ પોલમાં સ્પષ્ટ સંકેત

**મોટાભાગના એગ્ઝિટ પોલમાં ભાજપને ગુજરાતમાં જીત : સૌરાષ્ટ્ર-કચ્છમાં પાટીદાર આંદોલનની ખુબ ઓછી અસર : હિમાચલમાં કોંગ્રેસ સરકાર જશે**

નવીદિલ્હી-અમદાવાદ,તા. ૧૪

ગુજરાતમાં ચૂંટણીની પ્રક્રિયા બીજા તબક્કાના મતદાન પૂર્ણ થયા પછી એગ્ઝિટ પોલના તારણો જારી કરવામાં આવ્યા હતા. એગ્ઝિટ પોલના મોટાભાગના તારણોમાં હિમાચલ પ્રદેશમાં ભાજપે સપાટો બોલાવીને કોંગ્રેસ પાસેથી સત્તા કબજે કરવાના સંકેત આપવામાં આવ્યા છે જ્યારે બીજી બાજુ હાઈવોલ્ટેજ અને હાઈપ્રોફાઈલ ગુજરાતમાં ભાજપ સત્તા જાળવી રાખે તેવા સંકેત આપવામાં આવ્યા છે. એગ્ઝિટ પોલના તારણ મતદાન બાદ જારી કરવાની શરૂઆત થઈ હતી. એકબાજુ ગુજરાતના મોટાભાગના એગ્ઝિટ પોલ ભાજપને જીત અપાવી રહ્યા છે. જ્યારે હિમાચલમાં પણ કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી લેવાની દિશામાં ભાજપ આગળ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ભાજપ માટે બે મોરચા પર મોટી સફળતાના સંકેત મળી રહ્યા છે. ઓનલાઈન-સી વોટરના એગ્ઝિટ પોલમાં જણાવવામાં આવ્યું છે કે, હિમાચલ પ્રદેશમાં ભાજપ શાનદાર જીત મેળવશે. ઓનલાઈન સી-વોટરના એગ્ઝિટ પોલમાં જણાવવામાં આવ્યું છે કે, ભાજપ હિમાચલ અને ગુજરાતમાં શાનદાર જીત મેળવશે. હિમાચલ પ્રદેશના ઈન્ડિયા ટુડે-એક્સિસના એગ્ઝિટ પોલમાં ભાજપને ૪૭-૫૫ સીટો આપવામાં આવી રહી છે જ્યારે કોંગ્રેસને ૧૩-૨૦ સીટો આપવામાં આવી રહી છે. અન્યોને બે સીટો આપવામાં આવી રહ છે. આવી જ રીતે ઓનલાઈન સી-વોટરના એગ્ઝિટ પોલમાં ગુજરાતમાં ભાજપને ૧૦૮ અને કોંગ્રેસને ૭૪ સીટ આપવામાં આવી રહી છે. સી-વોટરના એક્ઝિટ પોલસ મુજબ હિમાચલમાં ભાજપને ૪૭.૬ ટકા મત મળી રહ્યા છે જ્યારે કોંગ્રેસને ૪૪ ટકા અને અન્યોને ૮.૩ ટકા મત મળી રહ્યા છે. બીજી બાજુ ટાઈમ્સનાઉ-વીએમઆરના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ગુજરાતમાં ભાજપ ૧૦૬-૧૧૬ સીટો જીતી જશે.

● અનુસંધાન પાન-૭ પર

**ગુજરાત અંગે એક્ઝિટ પોલ**

| સંસ્થા | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ઓનલાઈન સી-વોટર | ૧૦૮ | ૭૪ | ૦૦ |
| ટાઈમ્સનાઉ-વીએમઆર | ૧૦૬-૧૧૬ | ૬૩-૭૩ | ૦૦ |
| આજતક | ૯૯-૧૧૩ | ૬૮-૮૨ | ૦૦ |
| રિપબ્લિક ટીવી | ૧૦૮ | ૭૪ | ૦૦ |
| ઈન્ડિયા ટુડે-એક્સિસ | ૯૯-૧૧૩ | ૬૮-૮૨ | ૧-૪ |

**હિમાચલ અંગે એગ્ઝિટ પોલ**

| સંસ્થા | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ઓનલાઈન સી-વોટર | ૪૧ | ૨૫ | ૨ |
| ન્યુઝ-૨૪-ચાણક્ય | ૫૫ | ૧૩ | ૦૦ |
| ઈન્ડિયા ટુડે-એક્સિસ | ૫૧ | ૧૭ | ૦૦ |
| એબીપીન્યુઝ-સીએસબીએસ | ૪૭-૫૫ | ૧૩-૨૦ | ૦૦ |

# શાકભાજી અને ડુંગળીના ભાવમાં વધારો

**ડબલ્યુપીઆઈ ફુગાવો આઠ મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો : વાણિજ્ય મંત્રાલય દ્વારા આંકડા જારી કરાયા વાર્ષિક આધાર ઉપર ડુંગળીની કિંમતમાં ૧૭૮ ટકાનો વધારો : શાકભાજીની કિંમતમાં ૫૯ ટકાનો વધારો**

મુંબઈ, તા. ૧૪

હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવો ડુંગળીની કિંમતમાં તીવ્ર વધારો થવાના પરિણામ સ્વરુપે નવેમ્બર મહિનામાં ઉછળીને ૩.૯૩ ટકા સુધી પહોંચી ગયો છે. સીઝનલ શાકભાજીની કિંમતમાં વધારો થયો છે. આજે સરકાર દ્વારા હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવાના આંકડા જારી કરવામાં આવ્યા હતા. આ વર્ષે ઓક્ટોબર મહિનામાં ડબલ્યુપીઆઈ ફુગાવો ૩.૫૯ ટકા હતા. ગયા વર્ષે નવેમ્બરમાં ૧.૮૨ ટકા હતો. રસોડા માટે સૌથી ઉપયોગી ગણાતા ડુંગળીની કિંમતમાં વાર્ષિક આધાર પર ગયા મહિને ફુગાવામાં ૧૭૮.૧૯ ટકાનો વધારો થયો છે. સીઝનલ શાકભાજીની કિંમતમાં પણ ઓક્ટોબર મહિનામાં ૩૬.૬૧ ટકા સામે ૫૯.૮૦ ટકા સુધીનો

વધારો થયો છે. પ્રોટીનથી ભરપુર ઈંડા, માંસ અને ફીશની કિંમતમાં ૪.૭૩ ટકાની ગતિથી વધારો થયો છે. મેન્યુફેક્ચર ચીજવસ્તુઓ માટે આંકડો ૨.૬૧ ટકા રહ્યો છે. અત્રે નોંધનીય છે કે રિટેલ મોંઘવારીનો દર નવેમ્બર મહિનામાં ૧૫ મહિનાની ઉંચી સપાટી પર પહોંચી ગયો છે. રિટેલ મોંઘવારીનો દર વધીને હવે ૪.૮૮ ટકાના દરે પહોંચી ગયો છે. જ્યારે નિષ્ણાંતો દ્વારા રીટેલ ફુગાવાનો દર ૪.૨૬ ટકા રહેવાની વાત કરી હતી. રીટેલ મોંઘવારીનો દર ઓક્ટોબર મહિનામાં ૩.૫૮ ટકા રહ્યો હતો. ખાસ કરીને પુડ અને ફયુઅલ પ્રોડક્ટસની કિંમતમાં વધારો થયો છે. દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ઘટાડો થયો છે. મેન્યુફેકચરિંગ સેક્ટરના ખરાબ પ્રદર્શનના કારણે આઈઆઈપી ગ્રોથ ઓક્ટોબરમાં ઘટીને ૨.૨ ટકા થઈ ગયો છે. જે સપ્ટેમ્બર મહિનામાં ૩.૮ ટકા રહ્યો હતો.મંગળવારના દિવસે સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા સ્પષ્ટ કરે છે કે નવેમ્બરમાં મોંઘવારી આરબીઆઈના મિડ ટર્મ ટાર્ગેટ ચાર ટકાથી વધારે થઈ ગઈ છે. આ મોંઘવારીના કારણે ફુડ પ્રાઈસની કિંમતો વધી છે. સીએફપીઆઈ અથવા તો ખાદ્ય મોંઘવારીનો દર ૪.૪૨ ટકા રહ્યો છે. જ્યારે ઓક્ટોબર મહિનામાં આ ાંકડો ૧.૯૦ ટકા હતો. શાકભાજીની કિંમતમાં વધારો થવાની અસર અપેક્ષા કરતા વધારે રહી છે. ડબલ્યુપીઆઈ ફુગાવો આઠ મહિનાની ઉંચી સપાટીએ છે.




